# પ્રશ્નપત્ર-1 (તલાટી કમ મંત્રી)

## (બનાસકાંઠા, ભરૂચ, મહેસાણા, પાટણ, ખેડા, સુરેન્દ્રનગર, નડિયાદ)

કુલ પ્રશ્નો : 100]

## પરીક્ષા તારીખ : 6-6-2015

[કુલ ગુણ : 100

1. ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'' એમ કોણે કહ્યું છે ?
(A) કવિ ખબરદાર (B) મહાદેવભાઈ દેસાઈ
(C) ગાંધીજી (D) રમણલાલ સોની
(E) Not Attempted

2. મહાગુજરાત સીમા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(A) પુરૂષોત્તમદાસ (B) ભાઈલાલભાઈ પટેલ
(C) કસ્તુરભાઈ લાલભાઈ (D) અમૃતલાલ શેઠ
(E) Not Attempted

3. સ્વાઈન ફ્લુ મહામારીની શરૂઆત વર્ષ 2009માં સૌ પ્રથમ ક્યાં થઈ હતી ?
(A) સ્વીડન (B) મેક્સિકો
(C) બ્રાઝિલ (D) કેન્યા
(E) Not Attempted

4. ક્રિકેટ વર્લ્ડ કપમાં સળંગ સૌથી વધારે મેચ જીતવામાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?
(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા
(C) સાઉથ આફ્રિકા (D) વેસ્ટઈન્ડીઝ
(E) Not Attempted

5. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ નીચેનામાંથી કોણ માહિતી આપવા બંધાયેલું છે ?
(A) ગ્રામ પંચાયત (B) નગરપાલિકા
(C) જિલ્લા પંચાયત (D) ઉપરોક્ત તમામ
(E) Not Attempted

6. દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત થયેલા અટલ બિહારી વાજપેયી દેશની કેટલામી ગણમાન્ય વ્યક્તિ છે ?
(A) 46 મી (B) 44 મી
(C) 42 મી (D) 48 મી
(E) Not Attempted

7. ચિત્ર વિચિત્રનો પારંપારિક લોકમેળો નીચેનામાંથી કયા સ્થળે ભરાય છે ?
(A) પોસીના (B) ગુણભાખરી
(C) શામળાજી (D) મેઘરજ
(E) Not Attempted

8. કેટલી રકમથી વધારે રકમની જ્વેલરી ખરીદવા માટે પાન કાર્ડ નંબરની જોગવાઈ ફરજિયાત બનાવાઈ છે ?
(A) પાંચ લાખ રૂપિયા (B) બે લાખ રૂપિયા
(C) પચાસ હજાર રૂપિયા (D) એક લાખ રૂપિયા
(E) Not Attempted

9. ''લાઈટ ઓફ ધ યોગ સૂત્ર ઓફ પતંજલિ'' પુસ્તકના લેખક કોણ હતા ?
(A) બાબા રામદેવ (B) શ્રી શ્રી રવિશંકર
(C) બિપીન ચંદ્ર (D) બી.કે.એસ. આયંગર
(E) Not Attempted

10. સિદ્ધરાજ જયસિંહ પછી ગુજરાતની ગાદી કયા રાજાના હાથમાં આવી ?
(A) ભુવડ (B) યોગરાજ
(C) ક્ષેમરાજ (D) કુમારપાળ
(E) Not Attempted

11. ચોરવાડ અને વેરાવળની ખારવણ બહેનો દ્વારા કયું નૃત્ય કરવામાં આવે છે ?
(A) હમચી નૃત્ય (B) મેર નૃત્ય
(C) મેરાયો (D) ટિપ્પણી નૃત્ય
(E) Not Attempted

12. લોક કલા ક્ષેત્રે ગુજરાત સરકાર તરફથી કયો મહત્ત્વપૂર્ણ પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) જયશંકર સુંદરી પુરસ્કાર (B) ઝવેરચંદ મેઘાણી પુરસ્કાર
(C) દલપતરામ પુરસ્કાર (D) નરસિંહ મહેતા પુરસ્કાર
(E) Not Attempted

13. બિલીયર્ડ્સની રમતમાં ગુજરાતને વિશ્વ સ્તરે નામના અપાવનાર ખેલાડીનું નામ જણાવો.
(A) વિશ્વનાથન આનંદ (B) ગીત શેઠી
(C) તેજસ બાકરે (D) સુધીર ભાસ્કર
(E) Not Attempted

14. 1893 માં શિકાગોમાં ભરાયેલી ઐતિહાસિક વિશ્વધર્મ પરિષદની સલાહકાર સમિતિમાં કોની નિમણૂક કરવામાં આવી હતી ?
(A) સ્વામી વિવેકાનંદ (B) મણીલાલ
(C) રાજા રામમોહન રાય (D) ઉપરોક્ત એકેય નહીં
(E) Not Attempted

15. અમૂલ ડેરીના સ્થાપક કોણ હતા ?
(A) વર્ગીસ કુરિયન (B) શ્રી એચ. એમ. પટેલ
(C) ત્રિભુવનદાસ પટેલ (D) ભાઈકાકા
(E) Not Attempted

16. કયા ક્રાંતિકારી દેશભક્ત ઓક્સફર્ડમાં સંસ્કૃતના અધ્યાપક હતા ?
(A) વિનોદ કિનારીવાલા (B) વિઠ્ઠલભાઈ પટેલ
(C) શ્યામજીકૃષ્ણ વર્મા (D) જયપ્રકાશ નારાયણ
(E) Not Attempted



Happyt Academy

17. ગુજરાતનો સૌથી મોટો મહેલ કયો છે ?
(A) વિજય પેલેસ (માંડવી)
(B) લક્ષ્મી વિલાસ પેલેસ (વડોદરા)
(C) પ્રાગ મહેલ (ભૂજ) (D) સયાજી પેલેસ (વડોદરા)
(E) Not Attempted

18. અમદાવાદમાં સાબરમતી નદી પર આકાર લઈ રહેલી મહત્ત્વાકાંક્ષી યોજના રિવર ફ્રન્ટની કુલ લંબાઈ કેટલી છે ?
(A) 10.5 કિ.મી. (B) 11.5 કિ.મી.
(C) 12.5 કિ.મી. (D) 13.5 કિ.મી.
(E) Not Attempted

19. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું નામ ......... છે.
(A) શ્રીમતિ આનંદીબેન પટેલ (B) શ્રીમતિ વસુબેન ત્રિવેદી
(C) શ્રીમતિ સુષ્મા સ્વરાજ (D) શ્રીમતિ સ્મૃતિ ઈરાની
(E) Not Attempted

20. નીચેનામાંથી કયા સ્થળને યુનેસ્કોએ 'વર્લ્ડ હેરીટેજ સાઈટ' તરીકે જાહેર કરી છે ?
(A) અડાલજની વાવ (B) જૂનાગઢનો ઉપરકોટ કિલ્લો
(C) રાણીની વાવ (પાટણ) (D) કાંકરીયા તળાવ
(E) Not Attempted

21. પારસીઓ ગુજરાતમાં કયા બંદરે ઉતર્યા હતા ?
(A) મુંદ્રા (B) પીપાવાવ
(C) સંજાણ (D) માંડવી
(E) Not Attempted

22. ચિત્રકાર, શિલ્પકાર અને સાહિત્યકાર જેવી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહિલા કે જેના પિતાજી એક પ્રકૃતિવિદ હતા ....
(A) આશાપૂર્ણા દેવી (B) અમૃતા પ્રિતમ
(C) એસ્થર ડેવિડ (D) ઉપરમાંથી એકેય નથી
(E) Not Attempted

23. પોતાના મુખ્યમંત્રી કાર્યકાળ દરમ્યાન વેતનધારકોની પગાર વધારાની માંગણીની દિવસો સુધી ચાલેલી હડતાળ સામે નહિ ઝુકનાર મહિલા ....
(A) સુચેતા કૃપલાણી (B) ઈન્દુમતીબેન શેઠ
(C) હંસા મહેતા (D) સરોજિની નાયડુ
(E) Not Attempted

24. ખિજડીયા પક્ષી અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?
(A) અમરેલી (B) રાજકોટ
(C) સુરેન્દ્રનગર (D) જામનગર
(E) Not Attempted

25. શારદાપીઠ નીચેનામાંથી કયાં સ્થળે આવેલ છે ?
(A) બદ્રીનાથ (B) પ્રયાગ
(C) દ્વારકા (D) પુરી
(E) Not Attempted

26. નીચેનામાંથી કઈ નદીઓ હિમાચલ પ્રદેશમાંથી વહે છે ?
(A) ચિનાબ અને બિયાસ (B) બિયાસ અને રાવિ
(C) ચિનાબ, રાવિ અને સતલજ
(D) બિયાસ, ચિનાબ, રાવિ, સતલજ અને યમુના
(E) Not Attempted

27. સંપૂર્ણ શુદ્ધ સોનું કેટલા કેરેટનું હોય છે ?
(A) 18 કેરેટ (B) 20 કેરેટ
(C) 22 કેરેટ (D) 24 કેરેટ
(E) Not Attempted

28. પાણીપતનું ત્રીજું યુદ્ધ કોની વચ્ચે થયું હતું ?
(A) મરાઠાઓ અને બાબર વચ્ચે
(B) મરાઠાઓ અને અહમદશાહ અબ્દાલી વચ્ચે
(C) બાબર અને હેમુ વચ્ચે
(D) અકબર અને રાણા પ્રતાપ વચ્ચે
(E) Not Attempted

29. તંદુરસ્ત માનવ શરીરનું તાપમાન કેટલા સેન્ટિગ્રેડ હોય છે ?
(A) 100° (B) 37°
(C) 38.6° (D) 40°
(E) Not Attempted

30. ગુજરાત રાજ્યની વિધાનસભામાં કેટલી બેઠકો છે ?
(A) 180 (B) 182
(C) 190 (D) 202
(E) Not Attempted

31. શરીરમાં શાની ઉણપથી ડાયાબીટીસ થાય છે ?
(A) આયોડિન (B) રક્તકણ
(C) ઇન્સ્યુલિન (D) આમાંથી એકપણ નહીં
(E) Not Attempted

32. ગુજરાતના પ્રાચીન નગર 'આનંદપુર'નું આધુનિક નામ શું છે ?
(A) જૂનાગઢ (B) આણંદ
(C) પાટણ (D) વડનગર
(E) Not Attempted

33. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા મહિલા સુરક્ષા માટે શરૂ કરાયેલ હેલ્પલાઈન .... .
(A) 1090 (B) 100
(C) 181 (D) 1098
(E) Not Attempted

34. શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ) શા માટે જાણીતું છે ?
(A) મંદિરો માટે (B) ઉપગ્રહ છોડવા માટે
(C) કુંભમેળા માટે (D) જળવિવાદ માટે
(E) Not Attempted

Happy Academy

35. સ્ફિગ્મોમેનોમીટર સાધન શું માપવા વપરાય છે ?
(A) હવાનું દબાણ (B) વાતાવરણનું દબાણ
(C) લોહીનું દબાણ (D) પવનનો વેગ
(E) Not Attempted

36. 'વરસાદ લાવવા માટે ગવાતો રાગ' શબ્દસમૂહ માટે એક શબ્દ એટલે .... .
(A) દિપક (B) ભૈરવી
(C) મલ્હાર (D) જ્યોતિ
(E) Not Attempted

37. પંખી ઉડીને ઝાડ પર બેઠું – આ વાકયમાં 'ઉડીને' શબ્દ શું છે ?
(A) નામ (B) સર્વનામ
(C) સંયોજક (D) કૃદન્ત
(E) Not Attempted

38. 'અભ્યાગત'નો સમાનાર્થી શબ્દ .... છે.
(A) અતિથિ (B) કામના
(C) અભ્યાસુ (D) જાતિ
(E) Not Attempted

39. 'ભરમાંડ' શબ્દનું સાચું શિષ્ટરૂપ .... છે.
(A) ભરમાર (B) બ્રહ્માંડ
(C) ભ્રમર (D) ભરવાડ
(E) Not Attempted

40. 'ઉતાવળે આંબા ન પાકે' કહેવતને લગતી વિરોધી કહેવત કઈ છે ?
(A) ધરમ કરતાં ધાડ પડી (B) નવી ગિલ્લી નવો દાવ
(C) ધીરજના ફળ મીઠાં (D) સંપ ત્યાં જંપ
(E) Not Attempted

41. નીચેના શબ્દોમાંથી કયો શબ્દ 'ચંદ્ર'નો સમાનાર્થી નથી ?
(A) સુધાકર (B) શશી
(C) ભાસ્કર (D) મયંક
(E) Not Attempted

42. દ્વિગુ સમાસને ઓળખી બતાવો.
(A) બેત્રણ (B) નવરાત્રિ
(C) સર્વજ્ઞ (D) નવપલ્લવ
(E) Not Attempted

43. ક્યું જોડકું ખોટું છે ?
(A) મહાસિદ્ધિ-કર્મધારય (B) જકાતનાકું-મધ્યમપદલોપી
(C) સોનામહોર-દ્વન્દ્વ (D) ગૌરવપ્રદ-ઉપપદ
(E) Not Attempted

44. અલંકાર ઓળખાવો – ઉંઘતાને પાયે જગની જેલ.
(A) ઉપમા (B) રૂપક
(C) અનન્વય (D) સજીવારોપણ
(E) Not Attempted

45. નીચે આપેલા સમાસમાંથી મધ્યમપદલોપી સમાસ અલગ તારવો.
(A) અમરવેલ (B) હરિજન
(C) પૂરણપોળી (D) સર્વજ્ઞ
(E) Not Attempted

46. 'અંગૂઠા પાસેની આંગળી' શબ્દસમૂહ માટે એક શબ્દ કયો ?
(A) અનામિકા (B) તર્જની
(C) વચલી (D) ટચલી
(E) Not Attempted

47. 'કરાલ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?
(A) ભયંકર (B) ઘનઘોર
(C) ગાઢ (D) ઘેરું
(E) Not Attempted

48. કયો શબ્દ 'અનુપમ'નો સમાનાર્થી છે ?
(A) ગર્વ (B) અપૂર્વ
(C) મદ (D) આખું
(E) Not Attempted

49. 'અલ્પોકિત' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ .... છે.
(A) બેઆબરૂ (B) પુરાતન
(C) અત્યુકિત (D) વિતોદિત
(E) Not Attempted

50. 'નેકી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ .... છે.
(A) બદી (B) ભલાઈ
(C) ભલમનસાઈ (D) બુરાઈ
(E) Not Attempted

51. 'તાવડી વેચનાર' કોણ ?
(A) તારક્સ (B) લોઢી
(C) કાટપીટિયો (D) બકાલ
(E) Not Attempted

52. 'કાન ફુંકવા' એટલે ....
(A) વાતમાં લક્ષ ન આપવું (B) ગુસપૂસ વાત કરવી
(C) હિંમત બતાવવી (D) કાન ભંભેરણી કરવી
(E) Not Attempted

53. 'રૂઢિ' નો સમાનાર્થી શબ્દ એટલે ....
(A) સ્થાપિત (B) મક્કમ
(C) પરંપરા (D) જડ
(E) Not Attempted

54. 'ગૌણ' નો વિરુદ્ધાર્થી શબ્દ .... છે.
(A) પ્રધાન (B) છેલ્લું
(C) સહાયક (D) ગુણ
(E) Not Attempted

Happyt Academy

55. પશુપંખીની ભાષા સમજવાની વિદ્યા એટલે ....
(A) કાગદી (B) ટેડેલ વિદ્યા
(C) કાગવિદ્યા (D) જાન વિદ્યા
(E) Not Attempted

56. 'ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે' - અલંકાર જણાવો.
(A) વર્ણાનુપ્રાસ (B) યમક
(C) ઉપમા (D) અનન્વય
(E) Not Attempted

57. 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય' - કહેવતનો અર્થ
(A) પોતાના જ વિરોધમાં આવવું (B) પારકી આશા સદા નિરાશ
(C) કંઈ લેવા દેવા નહિ (D) સ્વભાવ બદલવો મુશ્કેલ છે.
(E) Not Attempted

58. 'અલ્પાહારી'નો વિરુદ્ધાર્થી શબ્દ એટલે
(A) મિતાહારી (B) ખાઉધરું
(C) શાકાહારી (D) મિતભાષી
(E) Not Attempted

59. 'ખાતર ઉપર દિવેલ' - કહેવતનો અર્થ એટલે
(A) ખર્ચમાં કાપ
(B) ખાતર નાખી પછી દિવેલ નાખવું
(C) ખર્ચ કરતાં અટકવું
(D) ખર્ચમાં વધુ ખર્ચ (E) Not Attempted

60. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' - કહેવતની સમાનાર્થી કહેવત કઈ છે ?
(A) રૂપે રૂડી કર્મે ભૂંડી (B) નાના મોટાને દર્શન ખોટા
(C) ઘર બાળી તીરથ કરવું (D) ન બોલ્યામાં નવગુણ
(E) Not Attempted

61. 'બકાલું' એટલે
(A) બાવળ (B) શાકભાજી
(C) બબૂલ (D) બાવલું
(E) Not Attempted

62. 'સરસાઈ' એટલે ....
(A) ક્ષમતા (B) મર્યાદા વિનાનું
(C) તોછડું (D) ચઢિયાતાપણું
(E) Not Attempted

63. 'સદાવ્રત' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?
(A) ધર્મશાળા (B) અન્નક્ષેત્ર
(C) કોઠાર (D) વખાર
(E) Not Attempted

64. 'રીતરિવાજ' કયો સમાસ છે ?
(A) દ્વન્દ્વ (B) બહુવ્રીહિ
(C) તત્પુરુષ (D) અવ્યયીભાવ
(E) Not Attempted

65. 'પુત્રૈષણા' શબ્દનું સંધિવિગ્રહ .... છે.
(A) પુત્ર + ઈષણા (B) પુત્ર + એષણા
(C) પુત્ર + ઐષણા (D) પુત્રા + ઈષણા
(E) Not Attempted

66. 'ખગ' કયો સમાસ છે ?
(A) કર્મધારય (B) ઉપપદ
(C) દ્વિગુ (D) તત્પુરુષ
(E) Not Attempted

67. "જયંતિ" નું વિરોધી છે.
(A) જન્મદિન (B) જન્મતિથિ
(C) સંવત્સરી (D) હારી જનારું
(E) Not Attempted

68. કયો છંદ 17 અક્ષરનો નથી ?
(A) હરિણી (B) માલિની
(C) પૃથ્વી (D) મંદાક્રાન્તા
(E) Not Attempted

69. "આડો આંક વાળવો" એટલે
(A) છેવટની હદે જઈને વર્તવું (B) સિદ્ધિ પ્રાપ્ત કરવી
(C) જીત હાંસલ કરવી (D) નિષ્ફળ જવું
(E) Not Attempted

70. "દાંતે તરણું લેવું" એટલે
(A) અતિશય લાચારી બતાવવી (B) હાર કબુલ કરવી
(C) દીનતાથી શરણે જવું (D) ઉપરોક્ત બધા
(E) Not Attempted

71. છોટુએ દસમાની બોર્ડની પરીક્ષામાં 95 પર્સેન્ટાઈલ મેળવેલ છે એટલે કે તેણે
(A) 95 ટકા માર્કસ મેળવ્યા છે.
(B) 100 માંથી 95 વિદ્યાર્થીના માર્કસ તેનાથી વધારે છે.
(C) તેણે 5 ટકા વધુ માર્કસ મેળવ્યા છે.
(D) 100માંથી 95 વિદ્યાર્થીઓના માર્કસ તેનાથી ઓછા છે.
(E) Not Attempted

72. 2 + 0.039 + 1.67 + 1.2 = ....... .
(A) 3.909 (B) 4.306
(C) 4.909 (D) 3.809
(E) Not Attempted

73. એક ગોળ ક્રિકેટ ગ્રાઉન્ડનો વ્યાસ 280 મીટર છે. એક ખેલાડીને આ ગ્રાઉન્ડને ફરતે એક ચક્કર લગાવવા કેટલું અંતર કાપવું પડે ? ($\pi = 22/7$)
(A) 440 મીટર (B) 880 મીટર
(C) 220 મીટર (D) 330 મીટર
(E) Not Attempted

Happyt Academy

74. 42, 60 તથા 70 નો લ.સા.અ. તથા ગુ.સા.અ. શું છે ?
(A) 420 તથા 2
(B) 2 તથા 420
(C) 440 તથા 5
(D) 420 તથા 5
(E) Not Attempted

75. રૂ. 5000 નું 8% લેખે કેટલા વર્ષે સાદું વ્યાજ રૂ. 2800 થાય ?
(A) 8
(B) 5
(C) 6
(D) 7
(E) Not Attempted

76. 44 - 28/4 + 6 = .... .
(A) 10
(B) 43
(C) 46
(D) 49
(E) Not Attempted

77. $\frac{36y^6 \times 21y^3}{28y^4}$ = .... .
(A) $9y^4$
(B) $21y^3$
(C) $27y^5$
(D) $21y^2$
(E) Not Attempted

78. $9x^2 - 30x + 23$ માં કેટલા ઉમેરવાથી પૂર્ણવર્ગ ત્રિપદી બને ?
(A) 13
(B) 6
(C) 2
(D) 1
(E) Not Attempted

79. અર્ધવર્તુળની કુલ પરિમિતિ શોધવાનું સૂત્ર .... છે.
(A) $\pi r + d$
(B) $2\pi r + d$
(C) $3\pi r$
(D) $4\pi r$
(E) Not Attempted

80. 1 કિ.મી. = .... માઈલ
(A) 1.6 માઈલ
(B) 0.6214 માઈલ
(C) 3.28 માઈલ
(D) 2.2803 માઈલ
(E) Not Attempted

81. એક કાટકોણ ત્રિકોણમાં સૌથી મોટી બાજુનું માપ 10 સે.મી. તથા એક બાજુનું માપ 8 સે.મી. છે તો ત્રીજી બાજુનું માપ .... હશે.
(A) 4 સે.મી.
(B) 6 સે.મી.
(C) 5 સે.મી.
(D) 3 સે.મી.
(E) Not Attempted

82. $\frac{a^5 \times ab^6 \times a^2b}{a^3b^4}$ = .... .
(A) $a^3b^5$
(B) $a^2b^6$
(C) $a^3b^2$
(D) $a^5b^3$
(E) Not Attempted

83. $(3x - 7y)^2$ = .... .
(A) $9x^2 - 49y^2$
(B) $9x^2 - 42xy + 49y^2$
(C) $9x^2 + 42xy + 49y^2$
(D) $6x^2 - 21xy + 14y^2$
(E) Not Attempted

84. ત્રિકોણના કોઈપણ શિરોબિંદુમાંથી સામેની બાજુ પર દોરવામાં આવતા લંબને .... કહે છે.
(A) મધ્યગા
(B) વ્યાસ
(C) ત્રિજ્યા
(D) વેધ
(E) Not Attempted

85. ગુણાકાર વિશે તટસ્થ ઘટક .... છે.
(A) 0 (શૂન્ય)
(B) 1
(C) -1
(D) એકપણ નહીં
(E) Not Attempted

86. સમાનાર્થી શબ્દ આપો : AID
(A) Supervision
(B) Co-operation
(C) Assistance
(D) Disease
(E) Not Attempted

87. સમાનાર્થી શબ્દ આપો : CONSEQUENCE
(A) Manner
(B) Result
(C) Cause
(D) Order
(E) Not Attempted

88. વિરુદ્ધાર્થી શબ્દ આપો : DEFICIT
(A) Superfluous
(B) Surplus
(C) Explicit
(D) Implicit
(E) Not Attempted

89. વિરુદ્ધાર્થી શબ્દ આપો : VERSATILE
(A) Permanent
(B) Volatile
(C) Unsteady
(D) Attractive
(E) Not Attempted

90. ખાલી જગ્યા પૂરો :
The doctor warms him that unless he gives up smoking .... .
(A) will he be able to recover
(B) he will not suffer
(C) his health will soon be recovered
(D) he will not recover
(E) Not Attempted

91. ખાલી જગ્યા પૂરો : My mother is so poor .... .
(A) to send me to school.
(B) because she will not work.
(C) to get medical help for my father.

Happyt Academy

(D) that she cannot buy food for us.

(E) Not Attempted

92. ખાલી જગ્યા પૂરો :

Twenty five years ..... a long time.

(A) am (B) is

(C) are (D) none

(E) Not Attempted

93. ખાલી જગ્યા પૂરો :

At this time yesterday, I ...... in the river.

(A) were swimming (B) was swimming

(C) has swum (D) am swimming

(E) Not Attempted

94. ખાલી જગ્યા પૂરો :

The teacher ordered Kamal to leave the room and .... him to return.

(A) stopped (B) refused

(C) forbade (D) challenged

(E) Not Attempted

95. Give meaning of : To give a false colouring.

(A) To misinterpret (B) To submit false report

(C) To be dishonest (D) To conceal the facts

(E) Not attempted

96. Give meaning of : to be lost in the clouds.

(A) to be perplexed

(B) to find oneself in very uncomfortable position

(C) to be concealed from the view

(D) to fly deep in the clouds

(E) Not Attempted

97. Find correct spelling :

(A) benificial (B) bineficial

(C) beneficial (D) banificial

(E) Not Attempted

98. Find correct spelling :

(A) Riceive (B) Receve

(C) Receive (D) Recieve

(D) Not Attempted

99. Write passive form of : Their dog bit our neighbour yesterday.

(A) Our neighbour bit their dog yesterday.

(B) Our neighbour is bitten by their dog yesterday.

(C) Our neighbour was bitten by their dog yesterday.

(D) Our neighbour was bit by their dog yesterday.

(E) Not Attempted

100. Write indirect form of : The police said the thief : "Don't move".

(A) The police ordered the thief not to move.

(B) The police ordered the thief that he should not move.

(C) The police told the thief that he did not move.

(D) The police ordered to the thief to not move.

(E) Not Attempted

## જવાબો

1. (A) કવિ ખબરદાર
2. (A) પુરૂષોતમદાસ
3. (B) મેક્સિકો
4. (B) ઓસ્ટ્રેલિયા
5. (D) ઉપરોક્ત તમામ
6. (B) 44 મી
7. (B) ગુણભાખરી
8. (D) એક લાખ રૂપિયા
9. (D) બી.કે.એસ. આયંગર
10. (D) કુમારપાળ
11. (D) ટિપ્પણી નૃત્ય
12. *
13. (B) ગીત શેઠી
14. (B) મણીલાલ
15. (C) ત્રિભુવનદાસ પટેલ
16. (C) શ્યામજીકૃષ્ણ વર્મા
17. (B) લક્ષ્મી વિલાસ પેલેસ (વડોદરા)
18. (A) 10.5 કિ.ગ્રી.
19. (A) શ્રીમતિ આનંદીબેન પટેલ
20. (C) રાણીની વાવ (પાટણ)
21. (C) સંજાણ
22. (C) એસ્થર ડેવિડ
23. (A) સુચેતા કૃપલાણી
24. (D) જામનગર
25. (C) દ્વારકા
26. (D) બિયાસ, ચિનાબ, રાવિ, સતલજ અને યમુના
27. (D) 24 કેરેટ
28. (B) મરાઠાઓ અને અહમદશાહ અબ્દાલી વચ્ચે
29. (B) 37°
30. (B) 182
31. (C) ઇન્સ્યુલિન
32. (D) વડનગર
33. (C) 181
34. (B) ઉપગ્રહ છોડવા માટે
35. (C) લોહીનું દબાણ
36. (C) મલ્હાર
37. (D) કૃદન્ત
38. (A) અતિથિ
39. (B) બ્રહ્માંડ
40. *
41. (C) ભાસ્કર
42. (B) નવરાત્રિ
43. (C) સોનામહોર-દ્વન્દ્વ
44. (B) રૂપક

Happyt Academy

45. (C) પૂરણપોળી
46. (B) તર્જની
47. (A) ભયંકર
48. *
49. (C) અત્યુક્તિ
50. (D) બુરાઈ
51. (B) લોઢી
52. (D) કાન ભંભેરણી કરવી
53. (C) પરંપરા
54. (A) પ્રધાન
55. (C) કાગવિદ્યા
56. (B) યમક
57. (D) સ્વભાવ બદલવો મુશ્કેલ છે.
58. (B) ખાઉધરું
59. (D) ખર્ચમાં વધુ ખર્ચ
60. (C) ઘર બાળી તીરથ કરવું
61. (B) શાકભાજી
62. (D) ચઢિયાતાપણું
63. (B) અન્નક્ષેત્ર
64. (A) દ્વન્દ્વ
65. (B) પુત્ર + એષણા
66. (B) ઉપપદ
67. (C) સંવત્સરી
68. (B) માલિની
69. (A) છેવટની હદે જઈને વર્તવું
70. (A) અતિશય લાચારી બતાવવી
71. (D) 100માંથી 95 વિદ્યાર્થીઓના માર્કસ તેનાથી ઓછા છે
72. (C) 4.909
73. (B) 880 મીટર
74. (A) 420 તથા 2
75. (D) 7
76. (B) 43
77. (C) $27 y^5$
78. (C) 2
79. (A) $\pi r + d$
80. (B) 0.6214 માઈલ
81. (B) 6 સે.મી.
82. (D) $a^5b^3$
83. (B) $9x^2 - 42xy + 49y^2$
84. (D) વેધ
85. (B) 1
86. (C) Assistance
87. (B) Result
88. (B) Surplus
89. (A) Permanent
90. (D) he will not recover
91. (D) that she cannot buy food for us.
92. (B) is
93. (B) was swimming
94. (C) forbade
95. (D) To conceal the facts
96. (A) to be perplexed
97. (C) beneficial
98. (C) Recive
99. (C) Our neighbour was bitten by their dog yesterday.
100. (A) The police ordered the thief not to move.

❀❀❀❀❀

Happyt Academy